## અડાજણમાં એકજ પરિવારના 7 સભ્યના અપમૃત્યુ કેસમાં આરોપી ઈંદરપાલ શર્માને હાઈકોર્ટે જામીન આપ્યા

સુરતઃ અડાજણના પાલનપુર પાટિયા વિસ્તારમાં મનિષભાઈ ઉર્ફે શાંતુભાઈએ આરોપી ઈંદરપાલ પુર્ણારામ શર્માના ત્રાસથી તા.28 ઓક્ટોબર 2023ના રોજ સ્યુસાઈડ નોટ લખીને પોતે અને પરિવારના 6 સભ્યોએ આત્મહત્યા કરી લીધી હતી. અડાજણ પોલીસમાં ઈંદરપાલ વિરુદ્ધ આત્મહત્યાની દુષ્પ્રેરણાની ફરિયાદ નોંધાઈ હતી. પોલીસે આરોપી ઈંદરપાલની ધરપકડ કરી હતી. ચાર્જશીટ બાદ આરોપીએ જામીન પર મુક્ત થવા એડ. સુરજ એ. શુક્લા મારફત હાઈકોર્ટમાં અરજી કરી હતી. હાઈકોર્ટે દલીલો ગ્રાહ્ય રાખીને આરોપીને જામીન આપવા હુકમ કર્યો હતો.

# આઉટર રિંગરોડ પર ત્રણ બાઈક અથડાતાં છને ગંભીર ઈજા: તાકીદે સર્વિસ રોડ અને બમ્પ મૂકો

**કોસાડ** વેદાંત ઈન્ડસ્ટ્રીઝ પાસે આઉટર રિંગરોડ પર બમ્પ નહીં મુકાતા અકસ્માત વધ્યા છે : મ્યુનિ.કમિશનરને રજૂઆત કરાઈ

સુરત : સુરત મહાનગરપાલિકા અને સુડા દ્વારા સંયુક્ત રીતે આઉટર રિંગ રોડ બની રહ્યો છે. જેમાં મનપાના હિસ્સામાં આવતા વિસ્તારમાં આશરે 450 કરોડના ખર્ચે આઉટર રિંગ રોડનું કામ પુર્ણતાના આરે છે. પરંતુ લોકોએ ઉપયોગ શરૂ કરી દીધો છે તેથી આઉટર રિંગ રોડને જોડતા અન્ય રસ્તાઓ પરથી આવતા વાહનો વચ્ચે અકસ્માત વધ્યા હોય આ તમામ રસ્તાઓ પર જરૂરી બમ્પ તાકિદે મૂકવા પુર્વ નગરસેવક દિનેશ કાછડીયાએ મનપા કમિશનરને રજુઆત કરી છે.

રજુઆતમાં જણાવ્યા મુજબ આજે કોસાડ ગામ પાસે આવેલી વેદાંત ઈન્ડસ્ટ્રીઝ પાસે ત્રણ બાઈક અથડાતા એક્સિડન્ટ થયો જેમાં પાંચથી છ જણા ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા આની પાછળનું કારણ એ છે કે વેદાંત ઈન્ડસ્ટ્રીઝની સામે આવવા જવા માટે કોઈ ડિવાઈડરમાં ગેપ મૂક્યો નથી તેના કારણે 90 ટકા લોકો રોંગ સાઈડમાં આવતા હોય એક્સિડન્ટ થાય છે તેમજ જો ત્યાં સર્વિસ રોડ હોય તો લોકો સર્વિસ રોડ ઉપર થઈને આવી જાય જેથી કરીને એક્સિડન્ટ થાય નહીં. ઉપરાંત આઉટર રિંગ રોડમાં જેટલા પણ ચાર રસ્તા કે ત્રણ રસ્તા આવે છે ત્યાં રિંગ રોડ ઉપર જોઈન્ટ થતા રસ્તાઓ ઉપર ફરજિયાત બમ્પ હોવા જરૂરી છે. તેથી રિંગ રોડ ઉપર બંને તરફથી પ્રવેશતા લોકો ધીમે રહીને અંદર આવે તો અકસ્માત સર્જાય નહી. રજુઆતમાં એવુ સુચન કરાયું છે કે, આખા રિંગ રોડનો સર્વે કરાવી અને જ્યાં ત્રણ રસ્તા કે ચાર રસ્તા આવતા હોય ત્યાં ‘બમ્પ’નું આયોજન કરવામાં આવે જ્યાં પણ સર્વિસ રોડ બન્યા નથી ત્યાં સર્વિસ રોડનું આયોજન કરવામાં આવે આ તમામ અધુરા કામો નવા આયોજનમાં તાત્કાલિક કરવામાં આવે તો લોકો અકસ્માતનો ભોગ બનતા અટકે.



# જબરી ટોળકી! છોકરી બતાવી, સગાઈ કરાવી, ને લગ્ન પહેલાં 1.89 લાખની મત્તા લઈ ગાયબ

**કામરેજ** પાસોદરાના તેમજ જૂનાગઢ વિસાવદરના બે યુવકને લગ્ન કરાવી આપવાની લાલચ આપી હતી

**ચાણોદ** મંદિરમાં સગાઈ કરાવી અને 21 જાન્યુઆરીની લગ્નની તારીખ પણ આપી, યુવક અને બે યુવતી વિરુદ્ધ ફરિયાદ

સુરતઃ કામરેજ તાલુકામાં પાસોદરા ગામના અને જુનાગઢના વીસાવદર ગામે રહેતા બે લગ્નઈચ્છુકોને લગ્ન કરાવી આપવાની લાલચ આપી ટોળકીએ તેમની પાસેથી 1.89 લાખ પડાવ્યા હોવાની ફરિયાદ સરથાણા પોલીસ સ્ટેશનમાં નોંધાઈ છે.

સરથાણા પોલીસ પાસેથી મળતી માહિતી મુજબ કામરેજ પાસોદરા ગામ ઓમ ટાઉનશીપ વિભાગ-૧ માં રહેતા 35 વર્ષીય અલ્પેશ વજુભાઈ મેદપરા ખેતીકામ સાથે સંકળાયેલા છે. અલ્પેશભાઈએ ગઈકાલે સરથાણા પોલીસ મથકે પ્રવીણ ઉર્ફે સંજય પટેલ, પ્રિયંકા અને શીતલ સામે ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદમાં જણાવ્યા મુજબ તેમના પડોશીના દૂરના સંબંધી મહેશ નામના યુવક મારફતે નેત્રંગ ખાતે રહેતા આરોપી પ્રવીણ સાથે સંપર્ક થયો હતો. પ્રવીણે અલ્પેશ તેમજ જુનાગઢના વીસાવદર ગામે રહેતા તેના મિત્ર કૌશલ નારણ રીબડીયા (ઉ.વ.23)ને લગ્ન કરાવી આપવાની લાલચ આપી હતી અને વાઘેચા ગામે છોકરી બતાવી હતી.

ત્યારબાદ આ ટોળકીએ બંને જણા પાસેથી રોકડા 75-75 હજાર, ચાંદીની સાકળ, ત્રણ સાડી, ત્રણ ડ્રેસ, શુટકેસ, મોબાઈલ તેમજ અન્ય કટલરીનો સામાન મળી કુલ 1.89 લાખનો સામાન પડાવ્યો હતો. આરોપીઓએ ગત 14 જાન્યુઆરીના રોજ બપોરના ત્રણ વાગ્યે ચાણોદમાં આવેલા મંદિરમાં સગાઈ પણ કરાવી આપી હતી અને 21 જાન્યુઆરીએ લગ્નની તારીખ નક્કી કરી હતી. 18 તારીખે અલ્પેશભાઈએ લગ્નની તૈયારી માટે પ્રવિણને ફોન કરતા મોબાઈલ બંધ આવતો હતો. તેના નેત્રંગના ઘરે તપાસ કરતા ઘર બંધ હતું. તેનો કોઈ સંપર્ક નહીં થતા અલ્પેશભાઈને તેમની સાથે ઠગાઈ થઈ હોવાનો ખ્યાલ આવ્યો હતો અને તેમણે પોલીસમાં ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસ હાથ ધરી છે.

# મનપાની વેરામાં વ્યાજમાફીની અગાઉની સ્કીમો ફેઈલ, 600 કરોડના વેરાના એરિયર્સની રિકવરી થતી જ નથી!

**3.70 લાખ** મિલકતદારને સ્કીમથી લાભ થાય, 184 કરોડની રાહત મળી શકે છે, તે છતાં ઉદાસીન પ્રતિસાદ

સુરતઃ સુરત મનપાના શાસકો શહેરીજનોને રીઝવવા માટે છેલ્લા ત્રણ વર્ષથી વેરામાં વ્યાજમાફીની સ્કીમ આપી રહ્યા છે. જો કે આ સ્કીમમાં 18 ટકા વ્યાજ અને વોરંટ ફી વગેરેની બાદબાકી થતી હોવા છતાં ખાસ કોઈ સફળતા મળી નથી. વેરાની પાછલી બાકીના 600 કરોડથી વધુના લેણાં સામે છેલ્લા બે વર્ષમાં માત્ર 225 કરોડ જેટલી રીકવરી આ સ્કીમ હોવા છતાં થઈ શકી છે. જો કે આ વખતે પણ લોકસભાની ચૂંટણીને ધ્યાને રાખીને મનપાની સ્થાયી સમિતિમાં મંજુર કરાયેલા બજેટમાં વેરામાં વ્યાજમાફી માટેની સ્કીમ ચાલુ નાણાકીય વર્ષે પણ લંબાવવામાં આવી છે.

### 2.98 લાખ રહેણાંક અને 73 હજાર બિન રહેણાક મિલકતોના એરિયર્સ બાકી

વર્ષ ૨૦૨૨-૨૩ સુધી રહેણાંકના ૨.૯૮ લાખથી વધુ તથા બિનરહેણાંકની અંદાજે ૭૩,૦૦૦ સહિત કુલ ૩.૭૧ લાખથી વધુ મિલકતોના બાકી વેરાની રકમ અધધ... ૫૯૧.૬૫ લાખ રૂપિયા થાય છે. જે પૈકી એરિયર્સની રકમ ૩૪૯ કરોડ છે. જ્યારે મનપાની પોલિસી મુજબ, બાકી વેરા પર વ્યાજ, નોટિસ ચાર્જ, વોરન્ટ, એજ્યુકેશન સેસ અને પેનલ્ટીની રકમ ૨૪૨ કરોડ થાય છે. સ્થાયી સમિતિ દ્વારા બાકી વેરો ૩૧ માર્ચ, ૨૦૨૪ સુધી ભરપાઇ કર્યેથી રહેણાંક મિલકતોના કિસ્સામાં ૧૦૦ ટકા વ્યાજમાફી અને બિનરહેણાંક મિલકતોના કિસ્સામાં ૫૦ ટકા વ્યાજમાફીનો નિર્ણય કરવામાં આવ્યો છે.

વર્ષ 2022-23 સુધીના બાકી મિલકતવેરા ધરાવતાં મિલકતદારો માટે આગામી 31મી 2024 સુધી બાકી વેરાની ભરપાઇ કર્યેથી રહેણાંક મિલકતોમાં 100 ટકા અને બિનરહેણાંક મિલકતોમાં 50 ટકા વ્યાજમાફી આપવાની પ્રોત્સાહક યોજના અમલી બનાવવાના સ્થાયી સમિતિના નિર્ણયને પગલે વહિવટી તંત્ર દ્વારા વ્યાજ માફી યોજનાનો લાભ લેવા માટે સત્તાવાર જાહેરાત કરી દેવાઈ છે. સ્થાયી સમિતિના નિર્ણય અન્વયે 3.70 લાખથી વધુ બાકી વેરો ધરાવતાં મિલકતદારો તરફથી 100 ટકા રકમની ભરપાઈ કરવામાં આવે તો વ્યાજમાફી રૂપે 184.25 કરોડ રૂપિયાની રાહત મિલકતદારોને મળી રહેશે. વર્તમાન નાણાકીય વર્ષમાં ઍરિયર્સ સહિત કરન્ટ મિલકતવેરાની વસૂલાતનો આંકડો 85 ટકાને ક્રોસ કરે તેવી પૂરેપૂરી શક્યતા છે. જો કે, મનપા માટે ઍરિયર્સની વસૂલાત દર વર્ષે મુશ્કેલ બની રહી છે. ભાજપ શાસકો દ્વારા ઍરિયર્સની બાકી રકમની રીકવરીના હેતુથી છેલ્લાં બે વર્ષથી વ્યાજમાફી પ્રોત્સાહક યોજના અમલી બનાવવામાં આવી રહી છે, પરંતુ તંત્રને ઈચ્છિત પરિણામ મળ્યું નથી. આ વર્ષે પણ વ્યાજમાફી યોજનાનો અમલ કરાયો છે. જેનો મુખ્ય હેતુ વર્ષોથી બાકી ઍરિયર્સની રકમની રીકવરી કરવાનો છે.

તેજસ આરીવાલાની મિલકતો, પત્ની-માતાના લોકર સહિતની તપાસ ચાલુ

# લાંચકેસમાં સંડોવાયેલા મનપાના ચીફ એકાઉન્ટન્ટ વિરુદ્ધ કોર્ટમાં ચાર્જશીટ કરાઈ

**એન્ટિ** કરપ્શન બ્યુરોએ 310 પાનાની ચાર્જશીટ રજૂ કરી, સરકાર પક્ષે 17 સાક્ષી તપાસ્યાનો ઉલ્લેખ

સુરતઃ ઈલેક્ટ્રીક કોન્ટ્રાક્ટરના કામના બિલ પાસ કરાવવા, કોન્ટ્રાક્ટર પાસેથી લાંચ લેતા ઝડપેયાલા મનપાના ચીફ એકાઉન્ટન્ટ તેજસ આરીવાલા અને પટાવાળા વિરુદ્ધ એસીબીએ કોર્ટમાં ચાર્જશીટ રજુ કરી દીધી છે. ફરિયાદી સુરત પાલિકામાં ઈલેક્ટ્રીક સ્ટ્રીટ લાઈટને લગતા મેઈન્ટેનન્સ ઓપરેશન કેપિટલ અને ફોલ્ટ બનાવવાના કામો કોન્ટ્રાક્ટ પર કરે છે. તેમણે કરેલા કામના બિલોની ચુકવણી માટે મનપાના ચીફ એકાઉન્ટન્ટ તેજસ આરીવાલાએ 2.50 લાખ રૂપિયાની લાંચ માંગી હતી. લાંચની રકમ પટાવાળા લાલુભાઈને આપી દેવાનું કહ્યું હતું. એસીબીએ આરોપી તેજસ આરીવાલા અને લાલુભાઈ, બંનેને લાંચના ગુનામાં ઝડપી પાડ્યા હતા. એસીબીએ આરોપીઓ વિરુદ્ધ કોર્ટમાં 310 પાનાની ચાર્જશીટ રજુ કરી છે, જેમાં સરકાર પક્ષે 17 સાક્ષીઓ તપાસ્યા છે. એસીબીની તપાસમાં તેજસ આરીવાલાની પત્ની ભાવિષા અને માતા જ્યોતિબેન આરીવાલાના સંયુક્ત નામે સુરત ડિસ્ટ્રીક્ટ કોઓપરેટીવ બેંકમાં લોકર હોવાનું જણાયું હતું, જેની તપાસ પણ એસીબી કરશે. તેજસ આરીવાલા નવસારી મોઘારગામ વકાસરીયા ખાતે ફાર્મ હાઉસ પણ ધરાવતો હતો.

## સંક્ષિપ્ત સમાચાર

### દીકરી દેવો ભવ: સમૂહ લગ્ન સમારોહ યોજાયો



સુરતઃ સમસ્ત પટેલ સમાજ-દેપલા ગામ-સુરત અને સમગ્ર દેપલા ગામ સેવા ટ્રસ્ટ દ્વારા આયોજિત દીકરી દેવો ભવઃ કાર્યક્રમ અંતર્ગત યોજાયેલા અનોખા સમૂહલગ્નમાં યોજાયેલા રક્તદાન કેમ્પ દરમિયાન 105 યુનિટ રક્ત એકત્ર કરવામાં આવ્યું હતું. સુરત ડાયમંડ એસોસિએશનની હોસ્પિટલના અગ્રણી ગણેશભાઈ ઘેવરિયાએ જણાવ્યું હતું કે, ડો.ધારાબેન ઘેવરિયાએ યુવાનો માટે મોટિવેશનલ સ્પીચ આપી હતી. ધાર્મી દિયોરાએ બેટી બચાઓ, બેટી પઢાઓ વિશે, ગણેશભાઈ ઘેવરિયાએ વ્યસનમુક્તિ, યુવાનોએ સંતોષકારક જિંદગી કઈ રીતે જીવવી, રાજવી ધોળિયાએ નારી તું નારાયણી દીકરી વિશે, ડો.ચંદ્રકાંતા ઘેવરિયાએ સીપીઆરનો લાઈવ ડેમો અને હૃદય રોગની સમજણ વિશે સમજણ આપી હતી. ડો.બાબુલાલ ધોળિયા અને ડી.ડી. દીયોરાએ પ્રાસંગિક પ્રવચનો કર્યાં હતાં.

### દશાલાડ વણિક મહિલામંડળ દ્વારા આનંદ બજાર અને ફન ફેરનું આયોજન કરાયું



સુરતઃ સુરત દશાલાડ વણિક મહિલામંડળ દ્વારા આનંદ બજાર અને ફન ફેરનું આયોજન મોતીબાગ પાર્ટી પ્લોટ પાલનપોર ખાતે કરવામાં આવ્યું છે. જેમાં ખાણીપીણી ઈમિટેશન જ્વેલરી તેમજ રમતગમતના સ્ટોલ રાખવામાં આવ્યા હતા. ફનફેરમાં સમાજનાં ભાઈ-બહેનોએ મોટી સંખ્યામાં લાભ લીધો હતો. દશાલાડ વણિક જ્ઞાતિ વણિક મહિલામંડળનાં પ્રમુખ મેઘના પરીખ બધા પાર્ટીસિપેટ્સને પ્રોત્સાહિત કર્યા હતા. જ્યારે કાર્યક્રમને સફળ બનાવવા અલ્પા સરૈયાએ ભારે જહેમત ઉઠાવી હતી.

### નવસારી બજારના ખોડિયાર જોગણી મંદિરમાં 17 ફેબ્રુ.એ ખોડિયાર પ્રાગટ્ય મહોત્સવ ઉજવાશે



સુરતઃ આગામી 17 ફેબ્રુઆરી મહા સુદ આઠમના દિવસે માં ખોડિયાર પ્રાગટ્ય મહોત્સવની ઉજવણી કરવામાં આવશે. આ નિમિત્તે શહેરના નવસારી બજાર વિસ્તારમાં આવેલા પૌરાણીક ખોડિયાર જોગણી મંદિરમાં સુરતના માં કૃપા ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા નવચંડી યજ્ઞ મહોત્સવ અને સાથે સાથે રક્તદાન શિબિર અને વિશાળ ભંડારાનું આયોજન કરવામાં આવ્યું છે. કાર્યક્રમની શરૂઆત નવચંડી યજ્ઞ સાથે કરવામાં આવશે. જે આખો દિવસ ચાલશે. રક્તદાન શિબિર સવારે 11 વાગ્યાથી સાંજે ચાર કલાક સુધી ચાલશે. વહેલી સવારે સાડા છ વાગે માતાજીની પાલખીયાત્રા નીકળશે. જે નાનપુરાથી નીકળી મંદિર સુધી આવશે. સાંજે 6 વાગ્યાથી મહાપ્રસાદીની શરૂઆત થશે.

### જિલ્લાની અન્ડર-19 બોય્ઝ, ગર્લ્સ કુસ્તી સ્પર્ધામાં એસ.એચ.લોખંડવાળાના સ્પર્ધકો છવાયા



સુરતઃ ગત 27 જાન્યુઆરીએ સુરત જિલ્લા ક્ષેત્રમાં પરંપરાગત કુસ્તી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. સુખાનંદ વ્યાયામ શાળા ખાતે અંડર-19 બોય્ઝ ગર્લ્સ સ્પર્ધામાં એસ.એચ.લોખંડવાળા શાળાના સ્પર્ધકોએ ભાગ લીધો હતો. જેમાં કરિશ્મા ગુપ્તા 48 કિગ્રામાં પ્રથમ ક્રમે, 44 કિલો કેટેગરીમાં રાગિની ગુપ્તા દ્વિતીય ક્રમે આવ્યાં હતાં. જ્યારે 55 કિગ્રાની સ્પર્ધામાં યશ રાણાએ તૃતીય ક્રમ મેળવ્યો હતો. જ્યારે રાજ વાલિયાએ 42 કિગ્રાની સ્પર્ધામાં વિજેતા બનીને શાળાનું ગૌરવ વધાર્યુ છે. આ સિદ્ધિ બદલ શાળા સંચાલકમંડળ, આચાર્યા નિધિબહેન લાકડાવાલાએ વિદ્યાર્થીઓ અને કુસ્તી ગુરુ હેમંતભાઈને પણ અભિનંદન પાઠવ્યાં હતાં.

### કે.એસ.કે.પી. માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક વિદ્યાલયનું વિજેતા



સુરતઃ શ્રી ઉત્તર ગુજરાત એજ્યુકેશન ટ્રસ્ટ, ભટાર સંચાલિત કે.એસ.કે.પી. માધ્યમિક અને ઉચ્ચ. મા. વિદ્યાલયના વિદ્યાર્થીઓએ અને શિક્ષકોએ રમતગમત યુવા અને સાંસ્કૃતિક વિભાગ તેમજ કમિશનર, ગાંધીનગરના ઉપક્રમે જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિની કચેરી સુરત દ્વારા આયોજિત જિલ્લા કક્ષાની કલા મહાકુંભ સ્પર્ધા-2023-24માં ભાગ લઈને 15થી 20 વર્ષની વય જૂથમાં ધો.૧૦ની પટેલ ધ્યાની અલકેશભાઈએ વક્તૃત્વ સ્પર્ધામાં દ્વિતીય ક્રમ પ્રાપ્ત કર્યો હતો અને 21થી 59 વર્ષની વય જૂથમાં શાળાના શિક્ષક વિજયભાઈ એ.અખાડે કાવ્યલેખન સ્પર્ધામાં પ્રથમ ક્રમ પ્રાપ્ત કરી શાળાનું ગૌરવ વધાર્યુ છે. એમની આ ઉજ્જવળ સિદ્ધિ બદલ શાળાના પ્રમુખ કે.કે.પટેલ, મંત્રી ચેલાભાઈ એસ.પટેલ શિ.સ. કન્વીનર આર.ટી.પટેલ અને સમગ્ર ટ્રસ્ટીઓ, હોદ્દેદારઓ તથા આચાર્યા રેશ્મા પટેલ, શિક્ષકગણ તથા શાળા પરિવાર અભિનંદન પાઠવે છે.

# માછી સમાજની રેલી બાદ પીન્ટુ નવસારીવાલા હત્યાકાંડમાં બૂકીઓની ભૂમિકા સામે તપાસ સક્રિય કરાઈ

**ડીસીપી** ભાવેશ રોઝિયાએ કહ્યું કે કોઇ ચમરબંધીને છોડાશે નહીં

સુરત : માછી સમાજે પીન્ટુ નવસારીવાલાની હત્યાના વિરોધમાં રેલી કાઢીને પોતાનો રોષ ઠાલવ્યો છે. ત્યારે આ મામલો રાજયના ગૃહમંત્રી હર્ષ સંઘવી સુધી પહોંચ્યો છે. આ મામલે ગજાનંન ટેલરની ભૂમિકા શંકાસ્પદ છે કે નહીં તેની તપાસ ક્રાઇમ બ્રાન્ચ કરી રહી છે. ત્યારે તેની સાથે સંકળાયેલા મનોજ ઉપરાંત છગન, સાલુ, રોલીમ અને હેમંતની ભૂમિકાની તપાસ શરૂ કરવામાં આવી છે. આ મામલે ડીસીપી ભાવેશ રોઝિયાએ જણાવ્યું હતું કે પીન્ટુ નવસારીવાલાની હત્યા સંભવત બુકીઓના આંતરિક ઇગોમાં થઇ હોવાની આશંકા વ્યકત કરવામાં આવી રહી છે તે મામલે તેઓ પૂરાવા શોધી રહ્યાં છે.

આ હત્યા બાદ માછી સમાજ આવતા દિવસોમાં આક્રમક મૂડમાં છે. ગજાનંન ટેલર અને તેના મળતિયાઓ દ્વારા ગુનેગારોને નાણાં તથા તમામ સપોર્ટ આપવાની વાત કરીને આ હત્યાકાંડને અંજામ આપ્યો હોવાની શંકાને આધારે પોલીસે તપાસ શરૂ કરી છે, ડીસીપી ભાવેશ રોઝિયાએ જણાવ્યું હતું કે આ કાંડમાં કોઇ પણ મોટું માથુ હશે તો તેને છોડાશે નહીં. દરમિયાન મનોજ નામના ઇસમની પણ આવતા દિવસોમાં પૂછપરછ કરવાના ચક્રો ગતિમાન થયા હોવાની વિગત જાણવા મળી છે.

### હત્યાનાં સીસીટીવી ફૂટેજ નહીં મળતાં હત્યારાઓ છૂટી જાય તેવી શક્યતા

પીન્ટુની હત્યા થઇ તેમાં પોલીસને ક્રોક્રિટ કહી શકાય તેવા કોઇ પુરાવા મળ્યા નથી. તેનો સીધો ફાયદો ચિન્ટુ, અકી તેની સાથે સંકળાયેલા અન્ય આરોપીઓને થશે. તેમાં હત્યા કેવી રીતે થઇ તેના સીધા કોઇ પૂરાવા મળ્યા નથી. આ આખો મામલે સરવાળે બૂકીઓએ પીન્ટુને પતાવીને પોતાનું ધારેલું કરવા સફળ રહ્યાં છે, ત્યારે આવશ્યક છે કે પોલીસ કોર્ટમાં મજબૂત ચાર્જશીટ ફાઈલ કરે.

### ગજાનન ટેલર ભાગે તે પહેલા પોલીસ એલર્ટ

ગજાનન ટેલર દુબઇ ભાગી નહીં જાય તે માટે ડીસીબી સક્રિય થઇ છે. દરમિયાન આ મામલે પોલીસે પોતાના બાતમીદારો તથા જે તે એરપોર્ટને એલર્ટ રાખ્યા છે. રાતોરાત કરોડપતિ બનેલા ગજાનન ટેલર અને તેના મળતિયાઓ હાલમાં કેવી રીતે પોલીસથી બચવું તેનો તાળો શોધી રહી છે. સરવાળે હાલમાં તો પોલીસને દુબઇના સટ્ટા રેકેટના કેટલાક પુરાવા મળી આવ્યા હોવાની વિગત જાણવા મળી છે.

# વરિયાવમાં માટી ધસી પડતાં કામદારનું મોત

સુરત : મૂળ ઉત્તરપ્રદેશનો વતની અને હાલ વરિયાવ પોલીસ ચોકીની સામે SMCના પાણીના પ્લાન્ટમાં બબલુ નસરુદ્દીન અહમદ (38 વર્ષ) રહેતો હતો. બબલુ ત્યાં જ પાઈપ લાઈન જોઈન્ટ કરવાનું કામ કરતો હતો. રવિવારે સવારે 10:45 વાગ્યાના અરસામાં બબલુ કામ કરી રહ્યો હતો. તે દરમિયાન અચાનક માટી ધસી પડી હતી અને બબલુ પાચેક ફૂટ જેટલા ખાડામાં દબાઈ ગયો હતો.

જેથી તેને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. જ્યાં સારવાર દરમિયાન બબલુનું મોત નિપજ્યું હતું.

### 14મીએ વસંતપંચમી: મૂર્તિને આખરી ઓપ આપી રહેલો બાળ મૂર્તિકાર



■ વસંતના આગમનના વધામણાં એટલે વસંત પંચમી, સાથે વિદ્યાની દેવી મા સરસ્વતિનો જન્મદિવસ. કહેવાય છે કે દેવી સરસ્વતી વસંત પંચમીના દિવસે બ્રહ્માના માનસથી અવતરીત થયા હતા. વસંતના ફૂલ, ચંદ્રમા અને તુષાર જેવો તેમનો રંગ હતો. શહેરમાં વસંતપંચમીની ઉજવણી માટે તૈયાર થઈ રહેલી પ્રતિમાઓને આખરી ઓપ આપી રહેલો બાળ કલાકાર. (તસવીરઃ સતીષ જાદવ)

## અધિકારીઓની અછત વચ્ચે સુરત મનપાના વધુ ત્રણ ઈજનેરના રાજીનામા

સુરત : સુરત મહાનગર પાલિકામાં જુદા જુદા વિભાગમાં ફરજ બજાવતા ત્રણ ઈજનેરોએ રાજીનામાં આપી દેતા અનેક તર્ક-વિતર્ક ઉઠ્યા છે.

મનપાના વિજ બીલનું ભારણ કેવી રીતે ઘટી શકે તેના પર અભ્યાસ - અમલવારી કરાવવા માટે એક એનર્જી એનાલિસ્ટની જગ્યા ઉભી કરાઈ છે. જેના પર ફરજ બજાવતા હીતેશ પટેલે નોકરીના ઘણા વર્ષ બાકી હોવા છતાં, રાજીનામુ મુકી દીધુ છે. આજ વિભાગમાં ફરજ બજાવતા આસિસ્ટન્ટ ઈજનેર જીગ્નેશ પટેલે ઉપરાંત હાઈડ્રોલિક વિભાગ જેવા વજનદાર વિભાગમાં ઈન્ચાર્જ કાર્યપાલક તરીકે ફરજ બજાવતા ડેપ્યુટી ઈજનેર પી.પી.ગોહીલે નોકરીના સાત વર્ષ બાકી હોવા છતા રાજીનામું આપી દીધુ છે.

## આયુર્વેદિક દવાના નામે વડોદની કરિયાણાની દુકાનમાં નશાકારક ગોળીઓ વેચાતી હતી

સુરતઃ વડોદ ગામમાં કરિયાણાની દુકાન ચલાવતો વેપારી દુકાનમાં આયુર્વેદિકના ઓઠા હેઠળ નશાકારક ગોળીઓનું વેચાણ કરતો હતો. જેની બાતમી મળતા જ એસઓજીએ ત્યાં રેઈડ કરીને રૂપિયા 78હજારની કિંમતની 7840 નંગ ગોળીઓ કબજે લીધી હતી. એસ.ઓ.જી. પીઆઈ એ.પી. ચૌધરીની સૂચનાથી હેડકોન્સ્ટેબલ સહદેવસિંહે બાતમીના આધારે પાંડેસરા વડોદ ગામ આર્શિવાદ નગર સોસાયટી મકાન નં.૩૯ માં રેડ કરી હતી. અહીં કરિયાણાની દુકાન ચલાવતા સુરેશ રામનિધાન પટેલ (ઉ.વ.૫૩) ના કબજામાંથી શંકાસ્પદ આયુર્વેદિક નશાકારક 78,400 રૂપિયાની 7840 નંગ ગોળીઓ મળી આવી હતી. આરોપીની પૂછપરછ કરતાં પૈસાની લાલચે તે આ ગોળીઓનુ વેચાણ કરતો હોવાની કબૂલાત તેણે કરી લીધી હતી. આ ગોળીઓ ઈન્દોરમાં બને છે. અને તે 6 મહિનાથી વેચતો હતો. કોઈ મારવાડી આવીને તેને વેચી જતો હતો. આ અંગે વધારે તપાસ હાથ ધરવામાં આવી છે.

# ONGC બ્રિજ પાસે બાઈક સ્લિપ થઈ જતાં યુવકને સિવિલમાંથી બીજી હોસ્પિ.માં લઈ જવા કહ્યું ને મોત




**સુલતાનાબાદનો** અમીત ટેલર મિત્ર સાથે રૂંઢ ખાતે જઈ રહ્યો હતો ત્યારે બાઈક સ્લિપ થઇ હતી

**35 વર્ષનો** અમીત બે સંતાનનો પિતા હતો

### સિવિલમાં સારવાર નહીં અપાતા સ્મીમેર દોડ્યા: અમીતની પત્ની

અમીતની પત્ની સંગીતાએ જણાવ્યું હતું કે, અકસ્માત થતાં અમીતને ગંભીર ઈજાઓ થઈ હતી. જેથી તેને સારવાર માટે નવી સિવિલ હોસ્પિટલ ખાતે લઈને ગયા હતા. પરંતુ ત્યાં હાજર સ્ટાફ દ્વારા તેમને સમયસર સારવાર આપવાના બદલે બીજી હોસ્પિટલમાં લઈ જવાનું કહેવાયું હતું. જેથી અમે ખાનગી હોસ્પિટલમાં લઈને ગયા હતા. જ્યાં ખર્ચ વધારે હોવાથી ત્યાંથી અમે સ્મીમેર હોસ્પિટલ લઈને આવ્યા હતા. નવી સિવિલ હોસ્પિટલના ડોક્ટર સમયસર સારવાર આપી દેવામાં આવી હોત તો કદાચ તેમનો જીવ બચી જાત.

સુરતઃ ONGC બ્રિજ પાસે બાઈક સ્લીપ થઈ જતાં સુલતાનાબાદના યુવકનું મોત નિપજ્યું હતું. અમીત મિત્ર સાથે રૂંઢ ખાતે જઈ રહ્યો હતો ત્યારે બાઈક સ્લીપ થઈ હતી.

મળેલી માહિતી મુજબ, ડુમસ પોલીસ મથકની હદમાં આવતા સુલતાનાબાદ ખાતે ડાયમંડ સોસાયટીમાં અમીત જયંતિ ટેલર (35 વર્ષ) બે સંતાન સહિતના પરિવાર સાથે રહેતો હતો. અમીત સિલાઈ કામ કરતો હતો. રવિવારે બપોરે અમીત તેના દેવાંશ શૈલેષ પટેલ નામના મિત્ર સાથે બાઈક ઉપર રૂંઢ ખાતે જઈ રહ્યો હતો. ત્યારે ONGC બ્રિજ પાસે બાઈક સ્લીપ થઈ ગઈ હતી. જેથી બંનેને ગંભીર ઈજાઓ પહોંચી હતી. તેથી અમીતને સારવાર માટે નવી સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો. ત્યારબાદ અમીતને વધુ સારવાર માટે ખાનગી બાદ સ્મીમેર હોસ્પિટલ ખાતે લઈને ગયા હતા. જ્યાં સારવાર દરમિયાન તેનું મોત નિપજ્યું હતું.